# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૩/૧૨/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એકસચેન્જ આઇએફએસસી લિમિટેડની સર્વિસિસ વિષે જ્વેલર્સને માહિતગાર કરવા મેનેજિંગ ડાયરેકટર એન્ડ સીઇઓ અશોક ગૌતમ સાથે ઇન્ટરેકટીવ સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે Services of India International Bullion Exchange IFSC Ltd વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એકસચેન્જ આઇએફએસસી લિમિટેડના મેનેજિંગ ડાયરેકટર એન્ડ સીઇઓ અશોક ગૌતમે જ્વેલર્સ તથા ઉદ્યોગકારોને ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એકસચેન્જ આઇએફએસસી લિમિટેડની કાર્ય પદ્ધતિ વિષે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

અશોક ગૌતમે જણાવ્યું હતું કે, વિશ્વમાં ન્યૂયોર્ક, શિકાગો, લંડન, દુબઇ અને સાંઘાઇમાં સ્પોટ બુલિયન એકસચેન્જ છે. ત્યારબાદ નવું અને દુનિયાનું છઠ્ઠું સ્પોટ એકસચેન્જ ગુજરાતના ગિફટ સિટીમાં કાર્યરત થયું છે. સોનાના ભાવની વિવિધતા ઇન્ટરનેશનલ બુલિયન એકસચેન્જની શુભ શરૂઆતથી થઇ છે અને તેનો સીધો લાભ ગ્રાહકોને મળી રહયો છે, આથી સોનાના ઇન્ટરનેશનલ ભાવ હવે ગાંધીનગરથી નકકી થાય છે. જ્વેલરી ઇન્ડસ્ટ્રીના ઇન્ટરનેશનલ પ્લેયર્સ અહી ગોલ્ડ મુકે છે. માર્ચ– ૨૦૨૩ થી સિલ્વર પણ ફિઝીકલ થઇ જશે. હાલ અહી ૩૫૦ ટન ગોલ્ડ અને ૩૫૦૦ ટન સિલ્વરની કેપેસિટી છે.

અત્યારે ૯૦ ટકા બુલિયનનું કામ કરનારા વાર્ષિક રૂપિયા ૨૫ કરોડના ટર્નઓવરવાળા ૮૦ કવોલિફાઇડ જ્વેલર્સ છે, જેઓને ગોલ્ડ ડાયરેકટ ઇમ્પોર્ટ કરવાની મંજૂરી મળી છે. જેમાં સુરતથી બે જ્વેલર્સનો સમાવેશ થાય છે. જો કે, સુરતથી ૨૦ થી ૪૦ જ્વેલર્સ કવોલિફાઇડ થવા જોઇએ. હાલ કવોલિફાઇડ જ્વેલર્સ માટેની મર્યાદા રૂપિયા ૨૫ કરોડ વાર્ષિક ટર્નઓવરની છે. જો રૂપિયા ૧૫ થી ૨૦ કરોડ સુધીની મર્યાદા થશે તો કવોલિફાઇડ જ્વેલર્સની સંખ્યા વધી જશે. હાલમાં ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એકસચેન્જ આઇએફએસસી લિમિટેડમાં T+0 કોન્ટ્રાકટ થાય છે. હજી સુધી વિશ્વના કોઇ પણ એકસચેન્જે એક દિવસમાં ગોલ્ડ ફિઝીકલ ડિલીવર કર્યું નથી, પરંતુ આ બુલિયન એકસચેન્જ વિશ્વનું પ્રથમ એવું એકચેન્જ બન્યું છે કે જ્યાં એક જ દિવસમાં ગોલ્ડ ફિઝીકલ ડિલીવર થયું હતું.

અહી T+30 એકસચેન્જ માટેની ટેસ્ટીંગ થઇ ગઇ છે. જ્યારે T+30 થઇ જશે ત્યારે દર અડધા કલાકે ગોલ્ડ ટ્રેડ થશે. અત્યારે ચાર કલાકમાં બીડીઆર ખાતામાં ક્રેડીટ થઇ જાય છે. અહીથી ગોલ્ડ મેટલ લોનના કોન્સેપ્ટ પેપર માટેની તૈયારી ચાલી રહી છે. આઇસગેટ માટે પણ પ્રયાસો કરવામાં આવી રહયા છે. અહીંથી વિશેષમાં જ્વેલર્સને ટ્રાન્સપરન્સી, ડેમોક્રેસી ઓફ પ્રાઇસ અને ઇઝ ઓફ ટ્રાન્ઝેકશન ઓન યોર ડેસ્કટોપની સુવિધા આપવામાં આવી રહી છે. આ સાઇટ પર બાય – સેલ વધારે આવશે એટલે ભાવ પ્રભાવિત થઇ શકશે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ રમેશ વઘાસિયાએ સેશનમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ગૃપ ચેરમેન પરેશ લાઠીયાએ સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. ચેમ્બરની બુલિયન કમિટીના ચેરમેન તેમજ ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન લિમિટેડ (ગુજરાત)ના ચેરમેન નૈનેશ પચ્ચીગરે કાર્યક્રમની રૂપરેખા આપી વકતાનો પરિચય પણ આપ્યો હતો. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન લિમિટેડ (સુરત)ના ચેરમેન નિલેશ લાગરીયાએ સવાલ–જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. વરાછા–કતારગામ જ્વેલર્સ એસોસીએશનના પ્રેસિડેન્ટ પ્રતાપ ચોડવડીયાએ કન્કલુડીંગ રિમાકર્સ આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી ભાવેશ ટેલરે સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

ઉપરોકત ઇન્ટરેકટીવ સેશનના આયોજન માટે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન લિમિટેડ અને વરાછા–કતારગામ જ્વેલર્સ એસોસીએશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.